GJNR030015972025

# Criminal Case No. 1430/2025

**ગુજરાત સરકાર ...ફરિયાદી**

**vs.**

**અનીલભાઇ પ્રતાપસીંગ વલવી ...આરોપી**

*ફોર્મ - એ, નિ.179A, ક્રિ.મેન્યુલ*

## સાગબારાના મહેરબાન જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, સાગબારા, જી. નર્મદા

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | 10-04-2026 | |
| **ફોજદારી કેસ નંબર** | **1430/2025** | **આંક-** |
| એફ.આઈ.આર. નં. અને પોલીસ સ્ટેશન | સાગબારા પોલીસ સ્ટેશન - ગુના રજીસ્ટર નંબર 11823021250737/2025 | |
| ગુનો | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 281 તથા મોટર વ્હીકલ એક્ટ, 1988ની કલમ-3, 181 મુજબ | |
| ફરિયાદી | ગુજરાત સરકાર | |
| ફરિયાદી તરફે | વિદ્વાન એ.પી.પી.શ્રી. કે. આર. ચૌધરી | |
| આરોપી | અનીલભાઇ પ્રતાપસીંગ વલવી<br>રહે.લાલપુર,પો.કાકડખુંટ,તા.અકકલકુવા,જી.નર્મદા | |
| આરોપી તરફે | વિદ્વાન વકીલ શ્રી. વાય આર વળવી | |

*ફોર્મ - બી, નિ.179A, ક્રિ.મેન્યુલ*

| | |
|---|---|
| આક્ષેપિત ગુનાની તારીખ: | ૦૬/૦૬/૨૦૨૫ |
| એફ.આઈ.આર. ની તારીખ: | ૦૬/૦૬/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યાની તારીખ: | 06-08-2025 |
| આરોપીના જવાબની તારીખ | ૨૦/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૧૦/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખ્યાની તારીખ | 10-04-2026 |
| ચુકાદાની તારીખ | 10-04-2026 |
| સજા કર્યાની તારીખ | નથી |

## આરોપીની માહિતી

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીનમુક્ત કર્યા તારીખ | આરોપી સામે ગુનો | નિર્દોષ ઠરાવ્યા કે તકસીરવાન | સજા | બી.એન.એસ.એસ.ની કલમ 468 પ્રમાણે જેલમાં ગાળેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | અનીલભાઇ પ્રતાપસીંગ વલવી | ૦૬/૦૬/૨૦૨૫ | ૦૬/૦૬/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 281 તથા મોટર વ્હીકલ એક્ટ, 1988ની કલમ-3, 181 મુજબ | નિર્દોષ | નથી | નથી |

*ફોર્મ - સી નિ.179A, ક્રિ.મેન્યુલ*

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાહેદોની યાદી

**અ. ફરિયાદપક્ષના સાહેદો**

| સાહેદ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| 1 | ૫ | ગોવિંદભાઈ સામાભાઈ વસાવા | પંચ સાહેદ |
| 2 | ૭ | જીત્યાભાઈ જંગાભાઈ તડવી | પંચ સાહેદ |
| 3 | ૧૩ | અરવીંદભાઇ અંબાલાલભાઇ | તપાસ કરનાર અમલદાર |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના આંકની યાદી

**અ. ફરિયાદપક્ષ:**

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| 1 | ૬ | સ્થળ પરનું પંચનામુ |
| 2 | ૧૪ | ફરિયાદ |

## ચુકાદો

**ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત:**

**1.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૬/૨૦૨૫ નારોજ કલાક ૧૭:૩૦ વાગે પોતાના કબજાના મોટર વાહન નં. એમ.એચ. ૩૯ એ.એફ.૫૦૬૬ પુરઝડપે અને ગફલભકરી રીતે વાંકી ચુકી રાહદારી માણસોની જીંદગી જોખમમાં મુકાય એ રીતે તથા ડ્રાઇવીંગ લાયસન્સ વગર હંકારી નવરચના શાળા પાસે ખાતે પકડાઇ જઇ, ભારતીય ન્યાય સંહિતાની કલમ- 281 તથા મોટર વ્હીકલ એક્ટ, 1988ની

કલમ-3, 181 મુજબ હેઠળનો ગુનો કર્યાના આક્ષેપ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહુ ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ.

**2.** ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ તેમના વકીલશ્રી મારફત હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ-230 અન્વયે આરોપીને તેઓની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી આરોપીનો આંક- ૩ તળે જવાબ લેતા આરોપીએ ગુન્હો કબુલ કરેલ નથી અને કેસ ચલાવવા માંગણી કરેલ, જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ.

**3.** ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત ફોર્મ-સીમાં દર્શાવેલ સાહેદો તપાસેલ તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ-351 મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાઓનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે બચાવપક્ષે સાહેદો તપાસવા નથી કે પુરાવા રજૂ કરવા નથી જેથી કેસ દલીલો પર મૂકવામાં આવેલ.

**4.** આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમજ બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**5.** આ કામે પક્ષકારો તર્ફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 કલમ-393(1)(બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

1. શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૬/૨૦૨૫ નારોજ કલાક ૧૭:૩૦ વાગે પોતાના કબજાના મોટર વાહન નં. એમ.એચ. ૩૯ એ.એફ.૫૦૬૬ પુરઝડપે અને ગફલભકરી રીતે વાંકી ચુકી રાહદારી માણસોની જીંદગી જોખમમાં મુકાય એ રીતે તથા ડ્રાઇવીંગ લાયસન્સ વગર હંકારી નવરચના શાળા પાસે ખાતે પકડાઇ જઇ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-281 તથા મોટર વ્હીકલ એક્ટ, 1988ની કલમ-3, 181 મુજબ હેઠળનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?
2. શું હુકમ ?

**6.** ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

1. નકારમાં
2. આખરી હુકમ મુજબ.

**નિર્ણયના કારણો**

**મુદ્દા નંબર 1 અને 2**

**7.** ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંતો પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરિયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ***કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ*** [AIR 2012 SC 786] ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be washed away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

**8.** ફરિયાદ પક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનિય પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે, જયારે ફરિયાદ પક્ષનાં કેસમાં વ્યાજબી શંકાથી ઉપસ્થિત થતી હોય, તો તેનો લાભ આરોપીને આપવાનો હોય છે, ફરિયાદ પક્ષે જે મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપો કરેલા હોય, તે અંગેનો પુરાવો પૂરો પાડવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે કેસનાં કોઈ પણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી પ્રક્રિયાનો પ્રારંભ આરોપી નિર્દોષ છે. ફોજદારી કેસોમાં, સામાન્ય વિવેક બુદ્ધિ ધરાવતા વાજબી માણસ પાસે કોઈ વાજબી શંકાની બહાર અપરાધ સાબિત થવો જોઈએ. આરોપી દોષિત છે કે નહીં તેમાં કોઈ શંકા હોવી જોઈએ નહીં. જો સહેજ પણ શંકા હોય તો, ભલે તે કેટલું નાનું હોય, લાભ આરોપીને જશે. ભારતીય કાયદાકીય પ્રણાલીમાં બર્ડન ઓફ પ્રૂફ અને તેને કેવી રીતે તોડવામાં આવે છે તેની જોગવાઈ પુરાવા અધિનિયમ, 1872 ના પ્રકરણ VII માં ભવ્ય રીતે મૂકવામાં આવેલ છે. નિયમ એ છે કે જે કોઈ પણ તથ્યનો આરોપ લગાવે છે તેણે તેને સાબિત કરવું જોઈએ. ફોજદારી અજમાયશમાં તે ફરિયાદી છે જે

આરોપ લગાવે છે કે આરોપીએ ગુનો કર્યો છે અને તેથી તે સાબિત કરવા માટે ફરિયાદી પર બોજ છે. *અબ્દુલ્લા મોહમ્મદ વિ. રાજ્ય* [1980 AIR 499]માં સર્વોચ્ચ અદાલતે બર્ડન અને જવાબદારી વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો કે સાબિતીનો બોજ તે વ્યક્તિ પર રહેલો છે જેણે એ હકીકત સાબિત કરવાની હોય છે અને તે ક્યારેય બદલાતી નથી, પરંતુ સાબિતીની જવાબદારી બદલાય છે. પુરાવાઓના મૂલ્યાંકનમાં ઓનસનું આવા સ્થળાંતર સતત પ્રક્રિયા છે. આમ મૂળભૂત રીતે બોજ પ્રોસીક્યુશન પર રહે છે પરંતુ એવા સમયે હોય છે જ્યારે આરોપીને સાબિત કરવા માટે કહેવામાં આવે છે કે તેનો કેસ અપવાદ હેઠળ આવે છે. ઉપરોક્ત સિદ્ધાંતો અંગે જુદી જુદી નામદાર અદાલતોએ તેમના ચુકાદાઓ પ્રસ્થાપિત કરેલ છે જેમાં *ભિકારી વિ. ઉત્તરપ્રદેશ* [AIR 1966 SC 1], *કે.એમ. નાણાવટી વિ. મહારાષ્ટ્ર રાજ્ય* [AIR 1962 SC 60], *રામેશ્વર વિ. એમપી રાજ્ય* [(1993) Cr.LJ 1945 (એમપી)], *નાગીરેડ શિવા વિ.એ.પી. રાજ્ય* [(1992) Cr.LJ 1339 (AP)], *રાઘવમ્મા વિ. ચેંચમ્મા* [AIR 1964 SC 136] અને *જય લાલ વિરુદ્ધ દિલ્હી* [AIR 1969 SC 15] માં જે આવેલ છે.

**9.** ફરીયાદપક્ષે ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુક્ત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હક્કદાર થાય છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય સાક્ષ્ય અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ-2 માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

**10.** ફરીયાદ પક્ષ તરફે સ્થળ પર કરેલ પંચનામાના પંચસાહેદો ગોવિંદભાઈ સામાભાઈ વસાવા અને જીત્યાભાઈ જંગાભાઈ તડવી ને અનુક્રમે ૫ અને ૭ થી તપાસવામાં આવેલા છે તેઓએ તેમની જુબાનીમાં આંક ૬ વાળા

પંચનામામાં  પોતાની સહી ઓળખી બતાવી તે સિવાય બીજું કાંઈ જાણતા નહી હોવાનુ જણાવે છે. આમ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોય તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ સમર્થનકારી પુરાવો પૂરો પાડેલ નથી.

**11.** સદર કામે તપાસ કરનાર અમલદાર અરવીંદભાઇ અંબાલાલભાઇ ને આંક ૧૩ થી તપાસવામાં આવેલ છે જે પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ રજુ રાખેલ છે જેમાં તેઓએ ફરીયાદ લગત સમર્થનકારી જુબાની આપેલ છે, પરંતુ, સદર આરોપી વિરૂધ્ધ આ ગુનાના કામે સંડોવાતો એક પણ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજૂ થયેલ નથી.

**12.** કેસની હકીકતો અને સંજોગોને લક્ષમાં લેતાં નામદાર સુપ્રિમકોર્ટે સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ (૧૯૯૬(૩)ક્રાઇમ્સ પેજ-૮૫) ના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઇપણ ટ્રાયલના પુરાવા દરમિયાન કોઇપણ તબક્કે જ્યારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં વધુ સાક્ષી તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઇ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખવું જોઇએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુરવ્યય થતો અટકાવવો જોઇએ. સર્વોચ્ચ અદાલતનો તે ચુકાદો કાળજીપુર્વક અને સન્માનપુર્વક વંચાણે લેતાં તેમા પ્સ્થાપિત કરેલ સિધ્દાંત ધ્યાને લેતાં ચાર્જશીટમા જણાવવામાં આવેલ તમામ સાક્ષીઓ અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરુરી નથી. એટલું જ નહી પરુંત મહત્વના અને ચાવીરુપ સાક્ષીઓ તપાસાઇ ગયા પછી તેઓની જુબાની આધારે ભાવી નકકી થઇ શકે તેવું અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા એ માત્ર ઔપચારિકતા જ છે. આ સિદ્ધાંત હાલના કેસમાં લાગુ પાડી શકાય. તે હકીકત નજર સમક્ષ રાખતાં હાલના કેસમાં વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી.

**13.** આ કામે ફરીયાદપક્ષે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-281 (ભારતીય દંડ સંહિતાની સમાન કલમ 279) મુજબનો ગુનો પુરવાર કરવા માટે નામદાર સુપ્રીમ કોર્ટના *Ravi Kapur v. State Of Rajasthan* [2012 AIR SC 2986] ના ચુકાદામાં નીચે મુજબ અવલોકન કરેલ છે.

> 12. Rash and negligent driving has to be examined in the light of the facts and circumstances of a given case. It is a fact incapable of being construed or seen in isolation. It must be examined in light of the attendant circumstances. A person who drives a vehicle on the road is liable to be held responsible for the act as well as for the result. It may not be always possible to determine with reference to the speed of a vehicle whether a person was driving rashly and negligently. Both these acts presuppose an abnormal conduct. Even when one is driving a vehicle at a slow speed but recklessly and negligently, it would

> amount to “rash and negligent driving” within the meaning of the language of Section 279 IPC. That is why the legislature in its wisdom has used the words “manner so rash or negligent as to endanger human life”. The preliminary conditions, thus, are that (a) it is the manner in which the vehicle is driven; (b) it be driven either rashly or negligently; and (c) such rash or negligent driving should be such as to endanger human life. Once these ingredients are satisfied, the penalty contemplated under Section 279 IPC is attracted. [Emphasis supplied]

**14.** આમ, નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદા અનુસાર ગુનો પુરવાર કરવા નીચે મુજબના તત્વો પુરાવાથી સાબિત કરવા પડે. (1) બનાવ સમયે આરોપી વાહન જાતે ચલાવી રહ્યો હતો., (2) બનાવ સમયે આરોપી વાહન બેદરકારી ભરી રીતે કે બેફામપણે ચલાવતો હતો, (3) આરોપીનું કૃત્ય માનવ જીવન જોખમાય તેમ કે અન્ય વ્યક્તિને ઈજા કે હાનિ પહોંચે તેવું હતું.

**15.** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ ગુનામાં રહેલ તત્વ માટે કે આરોપીના કૃત્ય માટે કોઈ અનુમાન કે ધારણા ન હોઈ શકે. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક એ બંન્ને શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી નથી પરંતુ આ બંન્ને શબ્દોનો અર્થ એકબીજાને મળતો આવે છે, બંન્નેમાં અવિચારીપણુ હોય છે તેમ છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. એક સામાન્ય વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તે રીતે વર્તવાનુ તે વ્યક્તિ ચુકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્વક ગણાય, જ્યારે એક સામાન્ય વ્યક્તિ પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે તેને બેફામપણે વર્તે તેમ કહી શકાય. ફકત આરોપી વાહન ચલાવતા હોવાનું પુરવાર થવાથી આરોપી સામે ગુનો પુરવાર થતો નથી, પરંતુ કલમ-281 હેઠળનો ગુનો પુરવાર કરવા માટે આરોપી તેનુ વાહન બેદરકારીપુર્વક ચલાવતા હતા અથવા બેફીકરાઈથી વાહન ચલાવતા હોવાનુ અને તે કૃત્ય માનવ જીવન જોખમાય તેમ કે અન્ય વ્યક્તિને ઈજા કે હાનિ પહોંચે તેવું હોવાનુ સાબિત કરવુ પડે.

**16.** ઉપરોક્ત ચર્ચા કરી તેમ એકપણ પંચસાહેદે પંચનામાને સમર્થન આપેલ નથી, જેથી ખરેખર આક્ષેપિત વાહન સ્થળ પર આરોપીના કબજામાં હતું અને તે ચલાવી આવેલ હતા તે પણ કોઈ સ્વતંત્ર પુરાવાથી પુરવાર થતું નથી. વધુમાં, બનાવ સ્થળ જાહેર રસ્તો છે તથા વાહનોની સતત અને ભારે અવરજવર વાળી જગ્યા છે, તેમ છતાં સદર આરોપી વિરૂધ્ધ આ ગુનાના કામે સંડોવાતો એક પણ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં, આરોપી વિરુદ્ધ કોઈ રાહદારી કે અન્ય કોઈ વાહનચાલકે બેદરકારીપૂર્ણ કે જોખમી રીતે વાહન ચલાવવાની ફરિયાદ પણ આપેલ નથી. ઉપરોક્ત ચર્ચા કરી તેમ કાયદાનો કોઈ એવો નિયમ નથી કે પોલીસ સાહેદોનો પુરાવો ન માનવો જોઈએ પરંતુ પોલીસ સાહેદોની જુબાની મહત્વનો કડીરૂપ પુરાવો (Substantive Piece Of Evidence) નહી પરંતુ સમર્થનકારી પુરાવો (Corroborative Piece Of Evidence) છે. પોલીસ સાહેદોની જુબાનીને સ્વતંત્ર એવો પંચોની જુબાનીથી અથવા અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાની કે સાંયોગિક પુરાવાથી સમર્થન મળવુ

જરૂરી છે. હાલના કેસમાં, ફરિયાદી કે જેઓ પણ પોલીસ અધિકારી છે તેમનો પુરાવો ફરિયાદ અનુસાર હોવાનું માની લેવામાં આવે તો પણ સમર્થનકારી પુરાવાના અભાવે આરોપી વિરુદ્ધ લગાવેલ આક્ષેપ પુરવાર થવો હાલના કેસના સંજોગોમાં શક્ય જણાઈ આવતો નથી.

**17.** વધુમાં, આરોપી વિરુદ્ધ વાહન ચલાવવાના કાયદેસરના પરવાના (Driving License) વગર વાહન ચલાવતા હોવાનો મોટર વ્હીકલ એકટની કલમ 3 સાથે 181નો આક્ષેપ છે. ઉપરોક્ત ચર્ચા કરી તેમ એકપણ પંચસાહેદે પંચનામાને સમર્થન આપેલ ન હોવાથી આક્ષેપિત વાહન સ્થળ પર આરોપીના કબજામાં હતું અને તે ચલાવી આવેલ હતા તે કોઈ સ્વતંત્ર પુરાવાથી પુરવાર થયેલ નથી. બનાવ સ્થળ જાહેર રસ્તો હોય વાહનોની સતત અને ભારે અવરજવર વાળી જગ્યા હોવા છતાં સદર આરોપી વાહન ચલાવતા હોવાનો એક પણ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજૂ થયેલ નથી. પંચોની હાજરીમાં લાયસન્સ માગવામાં આવેલ હોય અને રજૂ ન કરેલ હોય તેવી હકીકત પણ પુરવાર થતી નથી.

**18.** આ કામે રેકર્ડ પર ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ તે સિવાય અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરિયાદપક્ષના કેસના પરિણામમાં કોઈ ફરક પડે તેમ નથી. આમ, આવા શંકાસ્પદ પુરાવાના આધારે આ કામના આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય નહી. ટુંકમાં આરોપીઓ વિરૂધ્ધ જે ગુન્હા અંગેનો આક્ષેપ મુકવામાં આવેલ છે તેને ફરીયાદ પક્ષ દ્વારા ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાત મુજબ તેને વાજબી શંકાથી પર અને રીલાએબલ, વિશ્વાસપ્રેરક, કોજન્ટ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઇએ જે હાલના કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે, આરોપીઓને સદર ગુના સાથે સાંકળીને સજા કરી શકાય નહી. તેવા સંજોગોમાં આ કામના આરોપીને તેની સામેના ગુનામાં તકસીરવાન ઠેરવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય અને ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

**1.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ 278(1) અન્વયે આ કામના આરોપી અનીલભાઇ પ્રતાપસીંગ વલવી ને ભારતીય ન્યાય સંહિતાની કલમ- 281 તથા મોટર વ્હીકલ એક્ટ, 1988ની કલમ-3, 181 મુજબના ગુનામાંથી **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ 481 અન્વયે આરોપીએ રૂ.5000/- ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા, આરોપી જામીન રજુ કરવામાં કસુર કરે તો આરોપીના જુના જામીનખત અપીલ સમય સુધી અથવા 6(છ) માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

**3.** બિનકીમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલ કરવો. જો કોઈ કીમતી મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય કોઈ કીમતી મુદ્દામાલ, જો હોય તો, જેનો હુકમ થયેલ ન હોય તે મૂળ માલિકને ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 10-04-2026
સ્થળ: સાગબારા

(ભરતકુમાર અશોકભાઈ ચૌધરી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
સાગબારા
(જજ કોડ નં.GJ01651)